# બેંકની બહાર લાઈનમાં કારખાનેદારને ભેટી ગયેલા બે ગઠિયાની ધરપકડ

સુરતઃ રૂસ્તમપુરા ખાતે મોટો મહોલ્લોમાં રહેતા અમિતભાઈ ગિરીશભાઈ ભગતજી (૩૧) લૂમ્સના કારખાનેદાર છે. નોટબંધીને કારણે તેઓ ગત તા.૩૦મીએ સવારે રૂષભ પેટ્રોલપંપની પાછળ તુલસી માર્કેટની બાજુમાં આવેલી બેંક ઓફ બરોડાની બહાર લાઈનમાં ઊભા હતા ત્યારે તેમના પેન્ટના ખિસ્સામાં મુકેલા રોકડા રૂ.૧૮,૫૦૦ તથા એપલ કંપનીનો આઈ ફોન ચોરાઈ ગયો હતો. દરમિયાન સલાબતપુરા પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફે પેટ્રોલિંગ વેળા બેંકની બહાર ચોરી કરનાર ગેંગના બે સાગરીતો ઈમરાનખાન મોહમંદખાન પઠાણ અને આસિફ અલી સૈયદ (રહે- અકબર સઈદનો ટેકરો)ને પકડી પાડ્યા હતા. બંનેએ બેંકની બહાર ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.